**બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચ**

મેટ્રોપોલિટનની ઓફિસ, સિનડ સેક્રેટરિયટ, સંત. થોમસ કમ્યૂનિટી, થિરૂવલ્લા, કેરલા, ભારત-૬૮૯૧૦૩

**ઘેટાંપાળકનો પત્ર**

મે/જુન ૨૦૨૩

સર્વ આર્ચ બિશપગણ અને બિશપગણ, યાજક અને ડીકન ફાધર, ઈવેન્જલિસ્ટ અને ઓર્ડર ઑફ સિસ્ટર્સ અને બિલિવર્સ ઈસ્ટર્ન ચર્ચના સર્વ વિશ્વાસીઓ ને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં આશિષ અને શુભેચ્છાઓ. આમીન!

ખ્રિસ્તમાં પ્રિય,

આપણે હવે પેન્ટીકોસ્ટની ઋતુમાં છીએ. આ વર્ષનો ખાસ સમય છે જ્યારે મંડળી ઉપરના ઓરડામાં યાદ કરે છે જ્યાં શિષ્યો પર પવિત્ર આત્માનો અભિષેક થયો હતો અને આપણાં જીવનમાં પણ પવિત્ર આત્માનાસશક્તિકરણ માટે પ્રાર્થના કરે છે.પ્રેરિતોનાં કૃત્યો 1:8 માં, તે કહે છે કે પવિત્ર આત્મા આપણને સામર્થ આપે છે પ્રભુ ઈસુ ખ્રિસ્તના સાક્ષી બનવા માટે. હું તમને યાદ અપાવવા માટે આ સમયનો ઉપયોગ કરવા માંગુ છું કે આપણે દરેક કેવી રીતે આપણા પોતાના જીવનમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે અસરકારક સાક્ષી બની શકીએ છીએ.

**ઘરની દૈનિક પ્રાર્થના:** આ આપણાં ચર્ચની સંસ્કૃતિ અને પરંપરાનો એક ભાગ છે જ્યાં આપણું કુટુંબ દરરોજ સાથે મળીને પ્રાર્થના કરે છે. હકીકતમાં, તમને ટૂંક સમયમાં એક પુસ્તિકા મળશે જે તમને કહશે કે તે કેવી રીતે કરવું. આપણાં પ્રાર્થનાના સમય દરમિયાન, આપણે જે કરીએ છીએ તેમાંથી એક એ આપણી વેદીના ટેબલ પર મીણબત્તી પ્રગટાવવાની છે. આપણે આ પોતાને યાદ અપાવવા માટે કરીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત જગતનું અજવાળું છે (સંત યોહાન ૮:૧૨), અને આપણે પણ જગતનું અજવાળું છીએ (સંત માથ્થી ૫: ૧૪-૧૬). જ્યારે આપણાં પડોસના લોકોને ખબર પડશે કે આપણો પરિવાર પ્રાર્થના કરે છે, ત્યારે તેઓને જરૂર હોય ત્યારે તેઓ ચોક્કસ તમારી પાસે આવશે, જેમ કે બીમાર બાળક, બાળકની પરીક્ષા લખવાં માટે,અથવા અન્ય કોઈ સમસ્યા. આવી રીતે તમે ત્યારે ઈસુ ખ્રિસ્તના સાક્ષી બનશો.

આપણે તેમના પ્રેમ, શબ્દો અને કાર્યો દ્વારા ઈસુ ખ્રિસ્તના સાક્ષી બનવા માટે બોલાવવામાં આવ્યાં છીએ. . આ કરવાની એક રીત એ છે કે જુવાન પુરુષ અને સ્ત્રીઓને મંડળી અને સમુદાયમાં સેવા કરવાં માટે મોકલવા. આપણી સિસ્ટર્સ ઓફ કંપેશન (કરુણા) ની બહેનો ગરીબો, વિધવાઓ, શેરીઓમાં રહેતા, ભૂલી ગયેલા બાળકોને, રક્તપિત્તવાળા લોકો અને અન્ય ઘણા લોકોને મદદ કરીને આ કરે છે. તમે પ્રાર્થના કેમ નથી કરતા કે તમારી પુત્રીઓમાંથી એકને પ્રભુ દ્વારા એસ ઓ સી (કરુણા) ની બહેન તરીકે પવિત્ર મંડળીમાં પસંદ કરવામાં આવે? પ્રાર્થના કરો કે તમારી મંડળીમાંથી ઓછામાં ઓછી એક યુવાન બહેન પ્રભુની સેવા કરવાનું નક્કી કરે. આપણાં જુવાનો, પવિત્ર મંડળી માટે યાજકો, પ્રચારક, મિશનરીઓ બનીને તેમની આધ્યાત્મિક જરૂરિયાતો પૂરી કરીને સમુદાયની સેવા કરી શકે છે. પ્રાર્થના કરો કે પ્રભુ તમારા

એક પુત્રને પવિત્ર સેવા માટે બોલાવે. તમારા પરિવાર અને મંડળીના યુવાનો માટે પ્રાર્થના કરો, કે પરેશ્વર પવિત્ર મંડળીના મધ્યમથી તેની સેવા કરવા માટે બોલાવે. ચાલો આપણા યુવાન પુરુષો અને સ્ત્રીઓને મંડળી અને સમાજની સેવામાં મોકલવા માટે પ્રતિબદ્ધ થઈએ.

ખ્રિસ્તમાં મારા વહાલા બાળકો, કૃપા કરીને યાદ રાખો કે જો આપણે પ્રભુ માટે જીવીએ છીએ અને તેના સાક્ષી છીએ,આપણે દુઃખમાંથી પસાર થવું પડશે, પછી ભલે તે સતાવણી હોય, ગેરસમજણો હોય કે અન્ય સમસ્યાઓ "ખ્રિસ્તની ખાતર, તમને ફક્ત તેનામાં વિશ્વાસ કરવા માટે જ નહીં, પણ તે પણ આપવામાં આવ્યું છે તેના ખાતર સહન કરવું" (ફિલિ. ૧:૨૯). કૃપા કરીને સમસ્યાઓ અને વેદનાને ખ્રિસ્ત તરફથી ભેટ તરીકે વિચારો, આપણા જીવનમાં તેમની ઈચ્છા પૂરી કરવાનો અને તેમની કૃપામાં ભાગ લેવાનામાર્ગમાં.ચાલો. આપણા અગવાઓ માટે અને આપણા દેશો, રાજ્યોમાં અને પડોશમાં શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા રહીએ.

આપણે દરેક બાબતમાં સારું કરીએ અને સ્વસ્થ રહીએ, જેમ આપણી આત્મા કહે છે (3 યોહાન ૧:૨), અને પવિત્ર આત્મા આપણને તેના માટે દરરોજ જીવવાની શક્તિ આપે છે.

પવિત્ર મંડળીની સેવામાં,

ખ્રિસ્તમાં તમારા પિતા,

તારીખ:૧૨,મે,2023

સ્થળ: પવિત્ર સિનડ

અથનેસિયસ યોહાન ૧ મેટ્રોપોલીટન

---

નોધ: કૃપા કરીને ખાતરી કરો કે આ તમામ પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદિત થાય અને મંડળીમાં વાચવામાં આવે.